### ૩૦૫૮ ખાલી બેઠકો છતાં હજારો વાલીઓ રાહમાં

# RTEના બીજા રાઉન્ડમાં સુરત સિટીને માત્ર ૬૫૦ બેઠક મળી

**ગ્રામ્ય** વિસ્તારમાં ૯૦૮ ખાલી બેઠક સામે ૨૭૯ બાળકને જ પ્રવેશ ફાળવણી

સુરતઃ રાઈટ ટુ એજ્યુકેશન (RTE) હેઠળ ધોરણ-૧માં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે ખાનગી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ પ્રક્રિયાનો બીજો રાઉન્ડ જાહેર કરવામાં આવ્યો છે. સુરત શહેરમાં ૬૫૦ બેઠકો અને સુરત ગ્રામ્યમાં ૨૭૯ બેઠકોની ફાળવણી કરવામાં આવી છે. જે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવાયો છે, તેમણે ૪ જૂન, ૨૦૨૬ સુધી સંબંધિત શાળામાં જઈને પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.

સુરત શહેરમાં કુલ ૨૭,૧૮૦ ફોર્મ મંજૂર થયા હતા. પ્રથમ રાઉન્ડમાં ૧૦,૬૦૬ બાળકોને બેઠક ફાળવણી કરવામાં આવી હતી, જેમાંથી ૧૦,૨૨૬ બાળકોના પ્રવેશ કન્ફર્મ થયા હતા.

પ્રથમ રાઉન્ડ પૂર્ણ થયા બાદ શહેરમાં હજુ પણ ૩,૦૫૮ બેઠકો ખાલી છે. તેમ છતાં બીજા રાઉન્ડમાં માત્ર ૬૫૦ બેઠકોની જ ફાળવણી કરવામાં આવતા વાલીઓમાં આશ્ચર્ય અને નારાજગી જોવા મળી રહી છે.

સુરત ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૬,૨૯૦ ફોર્મ મંજૂર થયા હતા. પ્રથમ રાઉન્ડમાં ૨,૮૯૮ બાળકોને પ્રવેશ ફાળવણી કરવામાં આવી હતી, જેમાંથી ૨,૬૮૦ બાળકોએ શાળામાં પ્રવેશ કન્ફર્મ કરાવ્યો હતો. ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૩,૫૮૮ બેઠકો સામે હજુ પણ ૯૦૮ બેઠકો ખાલી છે. છતાં બીજા રાઉન્ડમાં માત્ર ૨૭૯ બેઠકોની જ ફાળવણી કરવામાં આવી છે.

### હજારો અરજદારો છતાં મર્યાદિત ફાળવણીથી વાલીઓમાં પ્રશ્નો

RTEના બીજા રાઉન્ડમાં સુરત શહેરમાં ૩,૦૫૮ ખાલી બેઠકો સામે માત્ર ૬૫૦ બાળકોને પ્રવેશ ફાળવાયો છે. જ્યારે પ્રથમ રાઉન્ડ બાદ હજુ ૧૬,૫૭૪ જેટલા ફોર્મ લાયક ગણાય છે. તેવી જ રીતે ગ્રામ્ય વિસ્તારમાં ૯૦૮ ખાલી બેઠકો સામે માત્ર ૨૭૯ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવણી કરવામાં આવી છે. બેઠકો ખાલી હોવા છતાં મર્યાદિત ફાળવણી થતાં વાલીઓમાં અનેક સવાલો ઊભા થયા છે.

# સુરેન્દ્રનગરમાં 45 ડિગ્રી ગરમી

**30 મેથી** 4 જૂન સુધી વરસાદનું યલો-ઓરેન્જ એલર્ટ

અમદાવાદ : ગુજરાતમાં હાલ ગરમીનો પ્રકોપ યથાવત્ રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ રાજ્યના અનેક શહેરોમાં આજે 40 ડિગ્રીથી વધુ મહત્તમ તાપમાન નોંધાયું હતું. સુરેન્દ્રનગરમાં સૌથી વધુ 45 ડિગ્રી તાપમાન નોંધાયું, જ્યારે રાજકોટ અને અમદાવાદમાં 44 ડિગ્રી, ગાંધીનગર અને ભાવનગરમાં 43 ડિગ્રી તાપમાન નોંધાતા લોકોને ભારે ગરમીનો સામનો કરવો પડ્યો હતો. દક્ષિણ-પશ્ચિમ ચોમાસું (Southwest Monsoon) ઝડપથી આગળ વધી રહ્યું છે. આગામી 2-3 દિવસમાં અરબી સમુદ્રના વધુ ભાગો, લક્ષદ્વીપ અને બંગાળની ખાડીના વિસ્તારોમાં ચોમાસું આગળ વધવા માટે હવામાન સંપૂર્ણ સાનુકૂળ છે. આ ઉપરાંત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને પાકિસ્તાન પર સર્જાયેલા સાયક્લોનિક સર્ક્યુલેશનને કારણે ગુજરાતમાં પવનની દિશા બદલાઈ છે અને દરિયા પરથી ભેજવાળા પવન ફૂંકાઈ રહ્યા છે. હવામાન વિભાગે 30 મે થી 4 જૂન સુધી રાજ્યના વિવિધ ભાગોમાં 40 થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા પવન, વીજળીના કડાકા-ભડાકા અને ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની ચેતવણી (યલો અને ઓરેન્જ એલર્ટ) જાહેર કરી છે.

હવામાન વિભાગના આંકડા મુજબ આજે ભૂજમાં 38 ડિગ્રી, નલિયામાં 35 ડિગ્રી, કંડલા એરપોર્ટ પર 40 ડિગ્રી, અમરેલીમાં 42 ડિગ્રી, ડીસામાં 42 ડિગ્રી, વડોદરામાં 40 ડિગ્રી, સુરતમાં 35 ડિગ્રી અને દમણમાં 36 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં 30 મે સુધી આંશિક વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે. અમદાવાદમાં આવતીકાલે મહત્તમ તાપમાન આશરે 44 ડિગ્રી રહેવાની આગાહી કરવામાં આવી છે.

છેલ્લા 24 કલાક દરમિયાન ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ અને દીવ-દમણ વિસ્તારમાં મહત્તમ તાપમાનમાં ખાસ કોઈ મોટો ફેરફાર નોંધાયો નથી. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં તાપમાન સામાન્ય કરતા વધુ રહ્યું હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે.

**30 મે યલો :** 30 મેથી રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ગાજવીજ અને તેજ પવન સાથે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહીસાગર, છોટાઉદેપુર સહિતના વિસ્તારોમાં 40 થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની સાથે હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. સૌરાષ્ટ્રના ગીર સોમનાથ તથા દીવ-દમણ વિસ્તારમાં પણ યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

**31 મે ઓરેન્જ એલર્ટ :** ઉત્તર ગુજરાતના અરવલ્લી, દાહોદ અને મહીસાગર જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદની શક્યતા હોવાથી ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, ખેડા, આનંદ, વડોદરા, નર્મદા, ડાંગ, તાપી સહિતના જિલ્લાઓમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

**1 જૂન ભારે વરસાદની આગાહી :** મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, આનંદ, પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. કેટલાક વિસ્તારોમાં 40 થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.

**2 થી 4 જૂન રાજ્યભરમાં વરસાદી માહોલ :** ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના અનેક જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, ભરૂચ, નવસારી, વલસાડ, રાજકોટ, ભાવનગર, અમરેલી, કચ્છ સહિતના વિસ્તારોમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.હવામાન વિભાગે લોકોને વીજળીના કડાકા દરમિયાન ખુલ્લા મેદાનમાં ન રહેવા, વૃક્ષોની નીચે આશરો ન લેવા તથા જરૂરી સાવચેતી રાખવા અપીલ કરી છે.

| રાજકોટ | અમદાવાદ | અમરેલી | ડીસા | કંડલા એરપોર્ટ | વડોદરા |
|---|---|---|---|---|---|
| 44 ડિગ્રી | 44 ડિગ્રી | 42 ડિગ્રી | 42 ડિગ્રી | 40 ડિગ્રી | 40 ડિગ્રી |

### સુરત જિલ્લા પંચાયતના ખેતીવાડી વિભાગની ઘટના

# માતા માટે લાંચ લેવા ગયેલા કોલેજિયન પુત્રની ધરપકડ

**૫૪ હજારની** પગારદાર રૂપલ ટેલરે સહ-કર્મચારીઓનાં જ પ્રવાસ ભથ્થાં અને એલ.ટી.સી. બિલ પાસ કરવાના બદલામાં રૂ. ૬૨,૫૦૦ની લાંચની માંગણી કરી હતી

**30 હજાર** રૂપિયાની લાંચ સ્વીકારતા પુત્ર સાથે માતા પણ ઝડપાઈ



સુરતઃ સુરત જિલ્લા પંચાયતની ખેતીવાડી શાખામાં ફરજ બજાવતા મહિલા સિનિયર એકાઉન્ટ ક્લાર્ક અને તેમના કોલેજિયન પુત્રને એન્ટી કરપ્શન બ્યુરોની ટીમે સિનિયર ક્લાર્કના જહાંગીરાબાદ સ્થિત રહેણાંક પાસે જાહેર રોડ પરથી રૂ. ૩૦,૦૦૦ની લાંચ લેતા રંગેહાથ ઝડપી લીધા હતા. સહ-કર્મચારીઓના જ પ્રવાસ ભથ્થા અને એલ.ટી.સી. બિલ પાસ કરવાના અવેજ પેટે મહિલા ક્લાર્કે પોતાના જ સ્ટાફ પાસેથી કુલ રૂ. ૬૨,૫૦૦ની લાંચની માંગણી કરી હતી, જે પૈકીના પ્રથમ હપ્તા તરીકે રૂ. ૩૦ હજાર સ્વીકારતા જ એસીબીએ મા-દીકરાને દબોચી લીધા હતા.

સુરત જિલ્લા પંચાયત કચેરીની ખેતીવાડી શાખામાં વર્ષ ૨૦૨૨થી ૨૦૨૪ દરમિયાનના કર્મચારીઓના ટી.એ. બિલ તથા એલ.ટી.સી. બિલ મંજૂર કરવાના બાકી હતા. આ બિલ પાસ કરાવવા માટે ખેતીવાડી શાખાના સિનિયર એકાઉન્ટ ક્લાર્ક રૂપલ પરેશકુમાર ટેલર (ઉ.વ. ૪૫)એ ૩૩ સહ-કર્મચારીઓના ટી.એ. બિલ દીઠ રૂ. ૧૫૦૦ લેખે રૂ. ૪૯,૫૦૦ તથા ૧૩ કર્મચારીઓના એલ.ટી.સી. બિલ દીઠ રૂ. ૧૦૦૦ લેખે રૂ. ૧૩,૦૦૦ મળીને કુલ રૂપિયા ૬૨,૫૦૦ની લાંચની માંગણી કરી હતી.

મહિલા ક્લાર્કની હર વખતની ગેર કાયદેસર પૈસાનીમાંગણી લઈ સ્ટાફના જ કર્મચારીઓ વતી એક જાગૃત નાગરિક/કર્મચારીએ તાત્કાલિક એસીબી સુરત એકમનો સંપર્ક કરી ફરિયાદ કરી હતી. ફરિયાદના આધારે એસીબીની ટીમે શુક્રવારે સિનિયર ક્લાર્ક રૂપલ ટેલરના રહેણાંક ઓમકાર હાઈટ્સ, ઉગત-ભેસાણ રોડ, જહાંગીરાબાદ પાસે જાહેર રોડ પર લાંચના છટકાનું આયોજન કર્યું હતું. મહિલા આરોપી રૂપલ ટેલરે ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી લાંચની રકમની ખાતરી કરી હતી. ત્યારબાદ તેમની સૂચનાથી હાજર રહેલા તેમના ૧૯ વર્ષીય પુત્ર જીલ પરેશકુમાર ટેલરે ફરિયાદી પાસેથી રૂ. ૩૦,૦૦૦ સ્વીકાર્યા હતા. નાણાંનો સ્વીકાર થતાં જ આસપાસ વોચમાં ગોઠવાયેલી એસીબીની ટીમે ત્રાટકીને માતા-પુત્ર બંનેને રંગેહાથ ઝડપી પાડી લાંચની રકમ રિકવર કરી લીધી હતી. આરોપી મહિલા રૂપલ ટેલર વર્ષ ૨૦૧૭માં જુનિયર ક્લાર્ક તરીકે સરકારી સેવામાં ભરતી થયા હતા. માત્ર એક વર્ષ પહેલા જ તેમને સિનિયર ક્લાર્ક તરીકે પ્રમોશન મળ્યું હતું અને હાલ સરકાર તરફથી માસિક રૂ. ૫૪,૦૦૦ જેટલો પગાર ચૂકવવામાં આવે છે. આમ છતાં, પોતાના જ સાથી કર્મચારીઓના હકના નાણાં પાસ કરવા માટે તેઓએ લાંચનો આશરો લીધો હતો.

### કોલેજિયન પુત્રનું ભવિષ્ય રોળાયું

એસીબીની પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું છે કે માતાની લાંચની રકમ સ્વીકારવા જતાં પકડાયેલો ૧૯ વર્ષીય પુત્ર જીલ ટેલર હાલ કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે. માતાની કાળી કમાણીની લાલચમાં યુવાન પુત્ર પણ કાયદાના સકંજામાં આવી જતાં તેનું ભવિષ્ય પણ જોખમાયું છે.

### અલથાણ-વેસુની કરોડોની જમીન મામલે વિવાદ ઉગ્ર

# બોગસ સહીઓથી રમેશ જુનેજા દ્વારા ફર્મ જીવંત કરાતા પોલીસ કમિશનરને અરજી

**શિવશક્તિ** ડેવલપર્સના ભાગીદાર લોકનાથ ગંભીરે રમેશ જુનેજા, તેમના પુત્ર સહિત ત્રણ સામે ફોજદારી કાર્યવાહી કરવાની માંગણી કરી

**રમેશ** જુનેજાએ માત્ર 1.70 કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું પરંતુ, તમામ જમીનમાં સમાન ભાગીદારી માટે દબાણ કર્યું

સુરતઃ સુરત શહેરના અલથાણ અને ભરથાણા-વેસુ વિસ્તારમાં આવેલી કરોડો રૂપિયાની કિંમતી જમીનોને લઈને શિવશક્તિ ડેવલપર્સ ફર્મમાં લાંબા સમયથી ચાલી રહેલો વિવાદ હવે વધુ ઉગ્ર બન્યો છે. ફર્મના ભાગીદાર લોકનાથ ગંભીરે પોલીસ કમિશનરને લેખિત રજૂઆત કરી રમેશ મુકુંદલાલ જુનેજા, તેમના પુત્ર નમન રમેશકુમાર જુનેજા તેમજ જુનેજા ગ્રુપ સાથે સંકળાયેલા નરેન્દ્રસિંગ શ્રવણસિંગ સામે ફોજદારી ગુનો દાખલ કરવાની માંગણી કરી છે.

લોકનાથ ગંભીરના આક્ષેપ મુજબ, શિવશક્તિ ડેવલપર્સ નામની ભાગીદારી પેઢીમાં વર્ષ ૨૦૦૮ પછી અત્યારસુધી કોઈ ટ્રાન્જેક્શન થયા નહોતા. વર્ષો પહેલા નિષ્ક્રિય બની ગઈ હતી. તેમ છતાં અન્ય ભાગીદારોની બોગસ સહીઓ અને ખોટા દસ્તાવેજોના આધારે ફર્મને ફરી જીવંત બતાવી કરોડોની જમીનમાં સમાન હિસ્સો મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. અરજીમાં જણાવ્યા મુજબ અલથાણના બ્લોક નં. ૯૯, ૧૦૦, ૧૧૦ તેમજ ભરથાણા-વેસુ વિસ્તારમાં આવેલા બ્લોક નં. ૧૧૭ પૈકી ૧/બ, ૧૧૮ અને ૧૧૫ સહિત કુલ છ સર્વે નંબરની જમીનો ખરીદવામાં આવી હતી. આ જમીનો માટે કુલ અંદાજે ૪.૪૭ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું હતું. લોકનાથ ગંભીરના જણાવ્યા પ્રમાણે, કુલ રોકાણમાંથી અંદાજે ૩.૪૦ કરોડ રૂપિયા તેમણે પોતાના વ્યક્તિગત ખાતામાંથી ચૂકવ્યા હતા, જ્યારે રમેશ જુનેજાએ માત્ર ૧.૦૭ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું. આ રીતે કુલ રોકાણમાં લોકનાથ ગંભીરનો હિસ્સો આશરે ૭૬ ટકા અને રમેશ જુનેજાનો હિસ્સો ૨૪ ટકા જેટલો હતો. તેમ છતાં રમેશ જુનેજાએ તમામ જમીનમાં સમાન ભાગીદારી મેળવવા માટે દબાણ શરૂ કર્યું હતું.

### બોગસ દસ્તાવેજ અને બોગસ સહીઓનો ઉપયોગ કરી ખેલ કરાયો

લોકનાથ ગંભીરનો આક્ષેપ છે કે સમાન હિસ્સો મેળવવા માટે ખોટા દસ્તાવેજો, લેટર ઓફ ઓથોરિટી અને બોગસ સહીઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. એટલું જ નહીં, સબ-રજીસ્ટ્રાર ઓફ ફર્મ સમક્ષ પણ ભ્રામક દસ્તાવેજો રજૂ કરીને ફર્મને સક્રિય બતાવવાનો પ્રયાસ થયો હતો.

### પોલીસ કમિશનર સમક્ષ તમામ ખરીદી અને રોકાણના પુરાવા અપાયા

આ મામલે લાંબા સમયથી સરકારી કચેરીઓમાં પણ ખેંચતાણ ચાલી રહી હતી. હવે લોકનાથ ગંભીરે સીધી પોલીસ કમિશનર કચેરીનો દરવાજો ખટખટાવી આરોપીઓ સામે ફોજદારી કાર્યવાહી કરવાની માંગણી કરતા મામલો વધુ ગંભીર બન્યો છે. પોલીસ કમિશનરને કરાયેલી રજૂઆતમાં તમામ જમીનોની ખરીદી, રોકાણની વિગતો તેમજ ભાગીદારી સંબંધિત દસ્તાવેજો રજૂ કરાયા હોવાનું જાણવા મળે છે. હાલ સમગ્ર મામલે પોલીસ દ્વારા અરજીના આધારે પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# વલસાડના જૂજવા પરીક્ષા કેન્દ્રમાં ડમી વિદ્યાર્થી ઝડપાયો

**પરીક્ષાર્થી** અને ડમી વિદ્યાર્થી સામે ગુનો નોંધાયો

વલસાડઃ વલસાડ તાલુકાના જૂજવા સ્થિત આઈ.પી.ગાંધી હાઈસ્કૂલ પરીક્ષા કેન્દ્ર ખાતે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ડિપ્લોમા ઈન એલિમેન્ટરી એજયુકેશન પરીક્ષા દરમિયાન સુપરવાઈઝરે પરીક્ષાર્થીના સ્થાને પરીક્ષા આપી રહેલા ડમી વિદ્યાર્થીને ઝડપી પાડ્યો હતો.

સૂત્રોના જણાવ્યા મુજબ હાઈસ્કૂલના પરીક્ષા કેન્દ્ર ખાતે 290 વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. દરમિયાન ગુરુવારે પરીક્ષાના ચોથા દિવસે સુપર વાઈઝરને એક પરીક્ષાર્થી ઉપર શંકા જતા પૂછપરછ કરતા મૂળ પરીક્ષાર્થીના સ્થાને અન્ય વિદ્યાર્થી પરીક્ષા આપી રહ્યો હોવાનું જણાયું હતું. તેમણે સ્થળ સંચાલકને જાણ કરી હતી. તપાસમાં હોલ ટિકિટ સાથે કોઈ છેડછાડ કરાઈ ન હતી. હોલ ટિકિટ મૂળ વિદ્યાર્થીની જ હતી. તેમાં તેની સહી પણ હતી. પરંતુ તેના બદલે ડમી વિદ્યાર્થી આપતો હોવાનું બહાર આવતા ગુજરાત જાહેર પરીક્ષા અધિનિયમ હેઠળ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

આ અંગે જિલ્લા શિક્ષણ અધિકારી ડૉ રાજશ્રી ટંડેલે જણાવ્યું હતું કે પરીક્ષા દરમિયાન પરીક્ષાર્થી અશ્વિન પટેલની જગ્યાએ નવનીત મોર્યા પરીક્ષા આપી રહ્યો હતો. ઘટના અંગે સ્થળ સંચાલકે પરીક્ષાર્થી અને ડમી વિદ્યાર્થી સામે વલસાડ રૂરલ પોલીસ મથકે ગુનો નોંધાવ્યો હતો.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### બંદરો પર...

પડશે. ખાસ કરીને આફ્રિકા, મધ્યપૂર્વ અને બાંગ્લાદેશ જેવા બજારોમાં સુરતના ગ્રે અને પ્રોસેસ્ડ ફેબ્રિકની માંગ પર સીધી અસર થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. ઉદ્યોગ સંગઠનોએ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર સમક્ષ તાત્કાલિક હસ્તક્ષેપની માંગ કરી છે. તેમનું કહેવું છે કે, જો આગામી થોડા દિવસોમાં અટવાયેલું યાર્ન ક્લિયર નહીં થાય તો હજારો મશીનો બંધ થવાની અને મોટી સંખ્યામાં મજૂરો બેરોજગાર થવાની સ્થિતિ ઊભી થઈ શકે છે. સુરતનો ટેક્સટાઈલ ઉદ્યોગ સીધા અને પરોક્ષ રીતે લાખો લોકોને રોજગારી આપે છે, ત્યારે સપ્લાય ચેઈનમાં આવેલો આ વિક્ષેપ સમગ્ર અર્થતંત્ર માટે ચિંતાનો વિષય બન્યો છે.

### 4 મેં પહેલા...

ડાયરેક્ટ કન્ટેનર હોય તો પહોંચતા 14 થી 28 દિવસ લાગે છે.પણ જો વાયા બીજા દેશના પોર્ટ થઈ આવે તો 30 થી 60 દિવસ લાગે છે. જે માલ ચીનના પોર્ટથી 4/5/2026 પહેલા નીકળી ગયો હોય એ ફ્રીઝ ન થઈ શકે. પણ સ્પિનર્સ એ કસ્ટમ સાથે ખેલ પાડ્યો છે એવું ઈમ્પોર્ટરનું કહેવું છે.

### 1968માં બન્યું...

બનાસકાંઠાના હીરાના વેપારીઓના માઇગ્રેશનના કારણે એપાર્ટમેન્ટની માંગ વધતી ગઇ અને સુરત વિકસતું ગયું તેમ તેમ જુદા જુદા વિસ્તારમાં પ્રોજેક્ટો બનવા લાગ્યા હતા.

### પરિવારો મોટા...

શાહ જેઓ તે સમયે પ્રાઇમસવાલાની ઓળખ ધરાવતા હતા તેમને એપાર્ટમેન્ટ બનાવવાનો વિચાર આવ્યો હતો. ત્યારબાદ બનાસકાંઠામાંથી હીરાના વેપારીઓનું માઇગ્રેશન શરુ થયું. તેમની જરૂરિયા પૂરી કરવા માટે એક પછી એક એપાર્ટમેન્ટ બનવા લાગ્યા હતાં. 1980 સુધી તો કોઇ જાણીતા બિલ્ડર નહીં હતાં પરંતુ કેટલાક કોન્ટ્રાક્ટરો એપાર્ટમેન્ટ બનાવતા થઇ ગયા હતા.

### સુરતમાં 30...

ભેજ નોંધાતા ઉકળાટભર્યો માહોલ પણ અનુભવાયો હતો. સરેરાશ ૧૬ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો, જ્યારે મહત્તમ પવનની ઝડપ ૩૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી હતી.

### જૈન સાધુ...

સાધુ ભગવંતોની હત્યા કરવામાં આવે છે. સંતોના અકસ્માત અને હત્યા પાછળનાં તમામ દોષિતો સામે ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસ ચલાવીને તેમને ફાંસી જેવી સખતમાં સખત સજા આપવામાં આવે. મધ્યપ્રદેશના રેવામાં એક કથિત રીતે સુનિયોજિત માર્ગ અકસ્માતમાં આચાર્ય વિદ્યાસાગર જી મહારાજના શિષ્યો દિગંબર જૈન સમુદાયના બે સાધ્વી શ્રુતમતી માતાજી અને ઉપશમ માતાજીના મૃત્યુ અને રાજકોટ જિલ્લાના ચોટીલામાં એક માર્ગ અકસ્માતમાં પંન્યાસ શ્રી ઓમકારશેખર વિજય જી મહારાજના મૃત્યુના વિરોધમાં આ એક મૌન રેલી યોજાઇ હતી. જૈન સમુદાયે માંગ કરી હતી કે આ કેસના મુખ્ય આરોપીઓ અને ગુનામાં મદદ કરનારા તમામ લોકો પર ફાસ્ટ-ટ્રેક કોર્ટમાં કેસ ચલાવવામાં આવે અને તેમને કડકમાં કડક સજા આપવામાં આવે તેમજ ભારત સરકાર પાસે એવી પણ માંગ કરવામાં આવે છે કે તેઓ પગપાળા દેશભરમાં વિહાર કરતા સાધુઓ, સંતો અને સાધ્વીઓની સલામતી સુનિશ્ચિત કરવામાં આવે.

### બે મહિલા...

ટીપી કમિટી જેવી મહત્વની કમિટિના ચેરમેન પણ રહી ચૂકયા છે. એટલું જ નહી મનપાની તિજોરીની ચાવી મનાતી સ્થાયી સમિતિના એકમાત્ર સૌરાષ્ટ્રવાસી ચેરમેન તરીકે પણ આ જ વોર્ડના ભીમજીભાઈ બુઢણાવાળા રહી ચૂક્યા છે. એક જ વોર્ડમાંથી સતત મહત્વના પદાધિકારીઓ સામે આવતા ભાજપના આંતરિક રાજકારણમાં વોર્ડ નંબર 14નું મહત્વ વધુ મજબૂત બન્યું હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

## અનુસંધાન... પાના પહેલાનું

### આ વર્ષે દેશમાં...

વિભાગ તેને 'અછત અથવા નબળું ચોમાસું' ગણે છે. હવામાન વિભાગના ડાયરેક્ટર જનરલ મૃત્યુંજય મોહપાત્રાએ જણાવ્યું કે, દેશના મુખ્ય ચોમાસા ક્ષેત્ર (જેમાં વરસાદ આધારિત ખેતી કરતા મોટાભાગના વિસ્તારોનો સમાવેશ થાય છે) ત્યાં વરસાદ સામાન્ય કરતાં ઓછો (LPAના 94 ટકાથી ઓછો) રહેવાની પ્રબળ આશંકા છે. આ ઉપરાંત, જૂન મહિનામાં પણ દેશભરમાં સરેરાશ વરસાદ સામાન્ય કરતાં ઓછો એટલે કે 92 ટકાથી ઓછો રહેવાની શક્યતા છે. જોકે, કેરળમાં આગામી 7 દિવસમાં ચોમાસું બેસે તેવી અપેક્ષા છે, જે સામાન્ય રીતે 1 જૂનની આસપાસ શરૂ થતું હોય છે. દક્ષિણ-પશ્ચિમ ચોમાસાએ 16 મેના રોજ આંદામાન અને નિકોબાર ટાપુઓના કેટલાક ભાગોમાં પ્રવેશી લીધું હતું. ગુરુવાર સુધીમાં, આ ચોમાસું દક્ષિણ અરબી સમુદ્રના ભાગો, લક્ષદ્વીપ વિસ્તાર, દક્ષિણ બંગાળની ખાડી, પૂર્વ-મધ્ય બંગાળની ખાડી, સમગ્ર આંદામાન અને નિકોબાર ટાપુઓ તેમજ આંદામાન સમુદ્રને આવરી ચૂક્યું છે.અગાઉ 13 એપ્રિલે હવામાન વિભાગે 92 ટકા વરસાદની આગાહી કરી હતી, જેમાં હવે ઘટાડો કરાયો છે કારણ કે પેસિફિક ક્ષેત્રમાં 'અલ નીનો'ની સ્થિતિ સપ્ટેમ્બર સુધીમાં મજબૂત બની શકે છે, જે ભારતમાં ઓછા વરસાદ માટે જવાબદાર માનવામાં આવે છે.

વરસાદની ચિંતા વચ્ચે હવામાન વિભાગે જૂન મહિનામાં આકરી ગરમી પડવાની પણ ચેતવણી આપી છે. જૂન દરમિયાન દેશના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ઊંચું રહેશે. ઉત્તર પ્રદેશ, હરિયાણા, પંજાબ, બિહાર, ઓડિશા, છત્તીસગઢ, ગુજરાત, આંધ્રપ્રદેશ અને મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં સામાન્ય કરતાં વધુ દિવસો સુધી હીટવેવ (લૂ)નો પ્રકોપ જોવા મળશે, જ્યારે રાજસ્થાન અને ઝારખંડમાં હીટવેવના દિવસો સામાન્ય કરતાં ઓછા રહેવાની સંભાવના છે.

### દેશના 10...

ખુદીરામ મેટ્રો સ્ટેશનના શેડ પવનમાં ઉડી જતાં પ્લેટફોર્મ પર પાણી ભરાયું હતું અને બ્લુ લાઇન સેક્શનની સેવાઓ પ્રભાવિત થઈ હતી. સાલ્ટ લેકમાં વીજળી પડવાથી એક બાઇક સવાર ઘાયલ થયો છે. હવામાન વિભાગે માછીમારોને દરિયો ન ખેડવાની સલાહ આપી છે.

**4. દિલ્હી-NCR અને અન્ય રાજ્યોની સ્થિતિ**

**દિલ્હી:** શુક્રવારે મહત્તમ તાપમાન ઘટીને 36.8 ડિગ્રી સેલ્સિયસ થઈ ગયું હતું, જે છેલ્લા 21 દિવસમાં સૌથી ઓછું છે. હવામાન વિભાગે શનિવાર માટે વરસાદ અને ગાજવીજનું 'યલો એલર્ટ' જાહેર કર્યું છે.

**પંજાબ અને હરિયાણા:** ચંદીગઢમાં તાપમાન સામાન્યથી 4 ડિગ્રી ઘટીને 35.6 ડિગ્રી નોંધાયું હતું અને લોકોને હીટવેવથી રાહત મળી છે.

**હિમાચલ અને ઉત્તરાખંડ:** શિમલામાં શુક્રવારે સાંજે ભારે કરા પડ્યા હતા. હિમાચલના 10 જિલ્લાઓમાં 4 જૂન સુધી એલર્ટ છે. ઉત્તરાખંડના ઊંચા પહાડી વિસ્તારોમાં હિમવર્ષા (Snowfall) અને મેદાનોમાં વરસાદની સંભાવના છે.

**રાજસ્થાન અને મધ્યપ્રદેશ:** રાજસ્થાનના શ્રી ગંગાનગરમાં તાપમાન હજુ પણ 47.1 ડિગ્રી સેલ્સિયસ સાથે આકરું રહ્યું હતું, પરંતુ ઉત્તરીય જિલ્લાઓમાં કરા અને વરસાદનું એલર્ટ છે. મધ્યપ્રદેશના ગ્વાલિયર અને ચંબલ વિસ્તારમાં દિવસે લૂ ચાલશે પરંતુ સાંજે કરા સાથે વરસાદ પડી શકે છે.

જાલૌન-સહારનપુર (ઉ.પ્ર.), તા. 29 (પીટીઆઈ): ઉત્તર પ્રદેશના અલગ-અલગ જિલ્લાઓમાં ભારે વાવાઝોડું, વરસાદ અને અચાનક આવેલા પૂરના કારણે ભારે તબાહી મચી છે. જાલૌન જિલ્લામાં ગુરુવારે રાત્રે વાવાઝોડા અને વીજળી પડવાની ઘટનાઓમાં 2 લોકોનાં મોત નીપજ્યા છે અને ઓછામાં ઓછા 7 લોકો ઈજાગ્રસ્ત થયા છે.

આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના અહેવાલ મુજબ, આ તોફાનમાં 23 પશુઓના પણ મોત થયાં છે અને 45 ઘરોને નુકસાન પહોંચ્યું છે. જિલ્લા મેજિસ્ટ્રેટ રાજેશ કુમાર પાંડેએ જણાવ્યું કે ભારે પવનને કારણે અનેક વીજ થાંભલા અને લાઈનો ધરાશાયી થઈ ગઈ છે, જેને યુદ્ધના ધોરણે સરખી કરવામાં આવી રહી છે. પ્રશાસન દ્વારા મૃતકોના આશ્રિતોને 4 લાખ રૂપિયાની આર્થિક સહાય આપવાની જાહેરાત કરાઈ છે.

બીજી બાજુ, સહારનપુર જિલ્લામાં શિવાલિક પર્વતમાળાની તળેટીમાં ગુરુવારે રાત્રે અચાનક આવેલ પૂરના કારણે શક્તિશાળી પ્રવાહમાં તણાઈ જવાથી 2 મહિલાઓનાં મોત થયાં છે. પૂરનો પ્રવાહ એટલો ઝડપી હતો કે જેસીબી મશીનો, જનરેટર, ક્રેન્સ અને 1 ડઝનથી વધુ વાહનો પાણીના જોરદાર પ્રવાહમાં તણાઈ ગયા હતા.

આ ભયાનક પૂર અને ભારે નુકસાનને પગલે પ્રખ્યાત સિદ્ધપીઠ શાકંભરી દેવી મંદિરના દર્શન શુક્રવારથી 3 દિવસ માટે સ્થગિત કરી દેવામાં આવ્યા છે. મંદિરના મેનેજર રાણા આદિત્ય પ્રતાપ સિંહે જણાવ્યું કે, હવામાન વિભાગની ચેતવણી અને પૂરથી થયેલા નુકસાનને ધ્યાનમાં રાખીને મંદિર 29 મેથી 31 મે સુધી ભક્તો માટે સંપૂર્ણપણે બંધ રહેશે. જો હવામાન સુધરશે તો 1 જૂનથી મંદિર ફરી દર્શન માટે ખોલવામાં આવશે. ડેપ્યુટી આઈજી અને જિલ્લા મેજિસ્ટ્રેટ સહિતના વરિષ્ઠ અધિકારીઓએ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈને બચાવ કામગીરીની સમીક્ષા કરી છે.

### નીટ પેપર...

પેપર ટ્રાન્સપોર્ટેશનની ખામીઓને સુધારીને આખી સિસ્ટમ ક્લીન કરવામાં આવી છે અને IIT તેમજ UGC ના નિષ્ણાતોને સિસ્ટમમાં લાવવામાં આવ્યા છે.

**આગામી ૨૧ જૂનની રી-ટેસ્ટ માટે નવો એક્શન પ્લાન**

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું કે ૩ મેના રોજ લેવાયેલી પરીક્ષામાં ગેરરીતિના આક્ષેપો બાદ ૧૨ મેના રોજ NTA એ પરીક્ષા રદ કરી હતી. હવે ૨૧ જૂન ૨૦૨૬ ના રોજ રી-એક્ઝામ (ફરીથી પરીક્ષા) યોજાવાની છે. તપાસ હાલમાં CBI દ્વારા કરવામાં આવી રહી હોવાથી બધી વિગતો જાહેર કરી શકાય તેમ નથી, પરંતુ ૨૧ જૂનની પરીક્ષા માટે એક નવો અત્યંત સુરક્ષિત મિકેનિઝમ તૈયાર કરવામાં આવી છે અને તેને સર્વોચ્ચ વહીવટી સ્તરે મોનિટર કરવામાં આવી રહ્યો છે.

**સુપ્રીમ કોર્ટનો કેન્દ્ર સરકારને આદેશ**

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને છ અઠવાડિયાની અંદર એક વિગતવાર એફિડેવિટ (સોગંદનામું) દાખલ કરવાનો આદેશ આપ્યો છે. આ એફિડેવિટમાં સરકારે જણાવવું પડશે કેઃ દર વર્ષે NEET પરીક્ષાના આયોજનથી લઈને તેની પૂર્ણાહુતિ સુધીની પ્રક્રિયા કઈ રીતે સુરક્ષિત રાખવામાં આવશે? એક્સપર્ટ્સ અને સ્પેશિયલાઇઝ્ડ સ્ટાફની કાયમી નિમણૂક કરીને NTA ને શારીરિક અને બૌદ્ધિક રીતે કઈ રીતે સજ્જ કરવામાં આવશે જેથી ભવિષ્યમાં ૨૦૨૪ કે ૨૦૨૬ જેવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય?

આ મામલે હવે પછીની વધુ સુનાવણી જુલાઈના બીજા અઠવાડિયામાં હાથ ધરવામાં આવશે, ત્યાં સુધી સુપ્રીમ કોર્ટ આ સમગ્ર પ્રક્રિયા પર સતત નજર રાખશે.

**૨૦૨૭થી પેન-પેપર મોડ બંધ, કમ્પ્યુટર બેઝ્ડ ટેસ્ટ (CBT) મોડમાં લેવાશે પરીક્ષા**

મેડિકલ પ્રવેશ પરીક્ષા NEET-UG ના પેપર લીક વિવાદ વચ્ચે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) એ શુક્રવારે સુપ્રીમ કોર્ટમાં એક મોટી અને ઐતિહાસિક જાહેરાત કરી છે. NTA એ કોર્ટને જણાવ્યું છે કે, કેન્દ્ર સરકાર સાથે પરામર્શ કરીને આગામી વર્ષ એટલે કે વર્ષ ૨૦૨૭ થી NEET-UG પરીક્ષા પરંપરાગત પેન અને પેપર (PPT) મોડને બદલે સંપૂર્ણપણે કમ્પ્યુટર બેઝ્ડ ટેસ્ટ (CBT) મોડમાં લેવામાં આવશે.

**પેપર લીક રોકવા માટે AIનો ઉપયોગ**

ભવિષ્યમાં સુરક્ષામાં કોઈ ચૂક ન થાય તે માટે NTA એ 'વે ફોરવર્ડ' (આગામી એક્શન પ્લાન) રજૂ કર્યો છેઃ

પેપર સેટ કરનારા, મોડરેટર્સ, ટ્રાન્સલેટર્સ અને પ્રૂફ રીડર્સની નિમણૂક માટે રેન્ડમાઈઝેશન અને રોટેશન પોલિસીને વધુ મજબૂત કરાશે.

પેપર લીકની શક્યતા ઘટાડવા અને માનવ હસ્તક્ષેપ ન્યૂનતમ કરવા માટે ઓછામાં ઓછું ૮૫ ટકા ભાષાંતરનું કામ AI ટૂલ્સ દ્વારા કરવામાં આવશે, જેનાથી સમય પણ બચશે અને ગોપનિયતા જળવાઈ રહેશે.

### RBI લાવશે...

હોવાથી તેની નકલ (નકલી નોટો) બનાવવી ખૂબ મુશ્કેલ બને છે.

RBIના આ રસ પાછળનું મુખ્ય કારણ નોટો છાપવાનો વધતો જતો ખર્ચ છે. બેંકનોટોની માંગ વધવાને કારણે ચલણ છાપવાનો ખર્ચ March 2025 માં પૂરા થતા નાણાકીય વર્ષમાં વધીને 6,372.8 કરોડ પર પહોંચી ગયો છે, જે તેના આગલા વર્ષે 5,101.4 કરોડ હતો. પ્લાસ્ટિક નોટો લાંબો સમય ચાલતી હોવાથી લાંબા ગાળે કેન્દ્રીય બેંકોનો નોટો બદલવાનો ખર્ચ ઘણો ઘટી જાય છે.

### સરકારી ઓઇલ...

નીચે મુજબ છેઃ કૃષિ ક્ષેત્રમાં ડીઝલની માંગમાં અચાનક વધારો થયો છે.

ખાનગી પંપો પરથી સરકારી પંપો તરફ ડાયવર્ઝનઃ ખાનગી રિટેલર્સ (જેમ કે જિઓ-બીપી, નાયરા)એ સરકારી કંપનીઓ કરતાં પેટ્રોલ-ડીઝલના ભાવ ખૂબ વધારી દીધા છે. સરકારી પંપો પર ભાવ ઓછા હોવાથી બલ્ક બાયર્સ (મોટા ગ્રાહકો જેમ કે ટેલિકોમ ટાવર કંપનીઓ) અને સામાન્ય જનતા સરકારી આઉટલેટ્સ પર શિફ્ટ થઈ ગઈ છે. **વેચાણમાં થયેલો મોટો ઉછાળો** પેટ્રોલઃ દેશના 150 થી વધુ જિલ્લાઓમાં પેટ્રોલના વેચાણમાં 30%થી વધુનો ગ્રોથ નોંધાયો છે, જેમાં 14 જિલ્લા એવા છે જ્યાં વેચાણ બમણું (100%થી વધુ) થઈ ગયું છે.

**ડીઝલ:** 156 જિલ્લાઓમાં ડીઝલનું વેચાણ 30%થી વધુ વધ્યું છે, જ્યારે 6 જિલ્લામાં 100%થી વધુનો ઉછાળો આવ્યો છે. બીજી તરફ, ખાનગી કંપનીઓના ડીઝલ વેચાણમાં 38%નો જંગી ઘટાડો નોંધાયો છે.

# અદાણી પોર્ટના ક્રેન ઓપરેટરોને પોલીસની ધમકી

**હજીરા** અને ઇચ્છાપોર પોલીસ સામે કમિશનરને રજૂઆત

સુરતઃ હજીરા વિસ્તારમાં આવેલી અદાણી પોર્ટ કંપનીમાં કોન્ટ્રાક્ટ પદ્ધતિ હેઠળ ફરજ બજાવતા આશરે ૮૦થી ૯૦ જેટલા ક્રેન ઓપરેટરો પોતાની લાંબા સમયની પડતર માંગણીઓ સંતોષવા માટે ગત તારીખ ૨૫મીથી અનિશ્ચિત મુદતની હડતાલ પર ઊતરી ગયા છે. આ મામલે કોન્ટ્રાક્ટરોની મીલી ભગતમાં હજીરા અને ઈચ્છાપોર પોલીસ સતત ત્રાસ આપી હડતાળ સમેટી લેવા દબાણ કરતા હોવાની આજે પોલીસ કમિશનરે લેખિત રજૂઆત કરવામાં આવી છે.

હજીરા વિસ્તારમાં આવેલી અદાણી પોર્ટ કંપનીમાં કોન્ટ્રાક્ટ પદ્ધતિ હેઠળ ફરજ બજાવતા આશરે ૮૦થી ૯૦ જેટલા ક્રેન ઓપરેટરો પોતાની લાંબા સમયની પડતર માંગણીઓ સંતોષવા માટે ગત તારીખ ૨૫મીથી અનિશ્ચિત મુદતની હડતાળ પર ઊતરી ગયા છે.

કંપનીના કોન્ટ્રાક્ટરો સાથે મિલીભગત કરીને સ્થાનિક હજીરા પોલીસ સ્ટેશન અને ઈચ્છાપોર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરો દ્વારા આ હડતાળને સમેટી લેવા માટે સામ, દામ, દંડની નીતિ અપનાવાઈ રહી છે. કર્મચારીઓનો આક્ષેપ છે કે, પોલીસ દ્વારા હડતાળ સમેટી લેવા માટે સતત ટેલિફોનિક અને રૂબરૂ બોલાવીને માનસિક ત્રાસ આપવામાં આવી સુરત પોલીસ કમિશનરે આ ગંભીર બાબતે તટસ્થ અને યોગ્ય તપાસ કરવાની ખાતરી આપી છે.

### ક્રેન ઓપરેટરોની મુખ્ય ૭ માંગણી

હડતાળ પર ઊતરેલા ક્રેન ઓપરેટરોએ કંપની અને કોન્ટ્રાક્ટરો દ્વારા થતા આર્થિક અને શારીરિક શોષણની વિગતો જાહેર કરતા પોતાની મુખ્ય માંગણીઓ રજૂ કરી છે. નિયમ મુજબ અઠવાડિયામાં ૨૦૮ કલાક કામ કરવાનું હોય છે, પરંતુ તેમની પાસે ૨૪૦ કલાક જેટલું અતિશય કામ મજૂરોની જેમ કરાવવામાં આવે છે અને આ વધારાના કામનું કોઈ 'ઓવરટાઇમ' ભથ્થું પણ અપાતું નથી. કર્મચારીઓને અઠવાડિયામાં યોગ્ય શારીરિક આરામ માટે કમ્પલસરી ઓફ (રજાઓ) આપવા માંગ છે. સાથે જ વર્ષોથી અટકેલો પગાર વધારો તાકીદે અમલી કરવામાં આવે. દિવાળી બોનસ અને તેમની લાયકાત તેમજ અનુભવ મુજબ યોગ્ય પ્રમોશન (બઢતી) આપવામાં આવે તેવી મુખ્ય માંગણીઓનો સમાવેશ થાય છે.